અપીલ અરજી નં.૨૫ તા.૨૮–૪–૦૮

અરજદારઃ શ્રી ભનુભાઈ મધુભાઈ નાડા
સામાવાળાઃઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભનુભાઈ મધુભાઈ નાડાની તા.૧૪–૩–૦૮ની અરજીથી મોજે પુણા બ્લોક નં.૧૫ માં આવેલ ભરતવન સોસાયટીને ફાળવેલ ટેનામેન્ટ નંબરની યાદી પ્લોટ નંબર સાથેની (ગાળા નં.૧ થી ૭૦) તેમજ માલિકે રજુ કરેલા પૂરાવા પ્લાનપાસ,વિકાસપરવાનગી વિગેરેને લગતી મુદ્દા નં.૧ થી ૭ માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૮–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨૫/૨૦૦૮–૦૯

શ્રી ભનુભાઈ મધુભાઈ નાડાની તા.૧૪–૩–૦૮ની અરજીથી મોજે પુણા બ્લોક નં.૧૫ માં આવેલ ભરતવન સોસાયટીને ફાળવેલ ટેનામેન્ટ નંબરની યાદી પ્લોટ નંબર સાથેની (ગાળા નં.૧ થી ૭૦) મુળ માલિકે રજુ કરેલા પૂરાવા પ્લાનપાસ,વિકાસપરવાનગી વિગેરે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વરાછા ઝોન ધ્વારા પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૫૩૮ તા.૧૯–૪–૦૮ થી આપેલ ટેના.નં. ૧ થી ૧૮૭ ની યાદી તેમજ પ્લાન મંજુરી વિકાસ પરવાનગી કે બાંધકામ પરવાનગી આપેલ ન હોવાની માહિતી અંગે અરજદારે મુદ્દા નં.૧,૨,૩,૬ની માહિતી અધુરી મળેલ હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૮–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પૂરતી માહિતી નહીં આપવા અંગેના વાજબીપણા સહિત પહોંચતી કરવા નં.આરટીઆઈ સ ેલ/ ૯૬ તા.૨–૫–૦૮ થી જાહેર માહિહતી અધિકારી અને ઝોનલચીફ વરાછાઝોનને પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તા.૯–૫–૦૮ ના રોજ અત્રેની કચેરીએ માહિતી પુરી પાડવામાં આવેલ છે.જેમાં અરજદારે પૂરી પાડેલ માહિતીની નકલ સિવાય વિશેષ કોઈ માહિતી મળેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં જમીન માલિકના કુલમુખ્ત્યાર નામાની નકલ અને ૭/૧૨ પ્રમાણે ખેડુતે આપેલ કુલમુખ્ત્યાર નામાની નકલ તથા હાલમાં બાંધકામ ચાલુ છે તે સંદર્ભે ખુલાસાની રજુઆત કરેલ છે.

જાહેર માહિતી અધિકારી એ મુળ અરજીમાં જણાવેલા મુદ્દા નં. ૧ થી૭ ની પૂરી પાડેલી માહિતી પૈકી દસ્તાવેજ તથા મુળ માલિકે રજૂ કરેલ પૂરાવા મુદ્દા નં.૨ અને ૩ અંગે ટેનામેન્ટની યાદીમાં સમાવિષ્ટ હોવાનું જણાવેલ છે તે તાર્કીક અને સુસંગત સ્પષ્ટ થતું નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૩–૦૮ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી ઉપલબ્ધ દફતર પરથી હકીકતલક્ષી જરૂર જણાયે આરટીઆઈકાયદાની કલમ–૧૧ સહિતની જોગવાઈ અને નિયમઅનુસરી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે."

મુદ્દા નં.૪ થી ૭ અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને માંગેલ માહિતી આપેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભનુભાઈ મધુભાઈ નાડા,